ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ

આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ **(International Widows Day)** દર વર્ષે ૨૩ જૂને ઉજવવામાં આવે છે. યુનાઇટેડ નેશન્સ વર્ષ ૨૦૧૧ થી દર વર્ષે ૨૩ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ ઉજવે છે. આ દિવસ ઉજવવાનો હેતુ વિધવા મહિલાઓની સમસ્યાઓ અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો છે. આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય વિશ્વની તમામ વિધવા મહિલાઓની સમસ્યા અને તેને સમાજમાં પડતી મુશ્કેલીઓને ઉજાગર કરવાનો છે. આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ વિધવાઓની સમાજમાં થતી ઉપેક્ષા અને સમસ્યાઓ પર પ્રકાશ ફેંકે છે. વિધવાઓના દરજ્જાને વિશેષ માન્યતા આપવા માટે સંયુકત રાષ્ટ્ર મહાસભાએ ૨૩ જૂન, ૨૦૧૧ ના રોજ પ્રથમ વખત સત્તાવાર રીતે આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ ઉજવ્યો હતો, જે હવે દર વર્ષે ૨૩ જૂનના રોજ ઉજવાય છે.

વિધવાઓ અને તેમના બાળકો સાથે દુર્વ્યવહાર એ માનવ અધિકારોનું સૌથી ગંભીર ઉલ્લંઘન છે અને તે વિકાસમાં સૌથી મોટો અવરોધરૂપ મનાય છે. દુનિયાભરમાં લાખો વિધવાઓએ ગરીબી, બહિષ્કાર, હિંસા, ખરાબ આરોગ્ય અને ભેદભાવ જેવી સમસ્યાઓ સહન કરવી પડે છે. વિશ્વભરમાં અંદાજિત ૨૫૮ મિલિયન વિધવાઓ છે અને દસમાંથી લગભગ એક અત્યંત ગરીબીમાં જીવે છે.

લૂમ્બા ફાઉન્ડેશન દ્વારા વિધવાના મુદ્દા અંગે જાગૃતિ લાવવા માટે આંતરરાષ્ટ્રીય વિધવા દિવસની સ્થાપના કરવામાં આવી હતી. ૨૩ જૂનનું મહત્ત્વ એ છે કે ૨૩ જૂન ૧૯૫૪ ના દિવસે લૂમ્બા ફાઉન્ડેશનના સ્થાપક રાજ લૂમ્બાની માતા પુષ્પાવતી લૂમ્બા વિધવા થયા હતા. પ્રથમ આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ ૨૦૦૫ માં યોજાયો હતો. ઇતિહાસમાં પહેલીવાર એટલે કે ઇ.સ. ૨૦૦૫ માં વિધવા દિવસ મનાવવાનો શ્રેય લૂમ્બા ફાઉન્ડેશનને જાય છે. લૂમ્બા ફાઉન્ડેશનની સ્થાપના ૧૯૯૭ માં યુ.કે.માં એક ભારતીય રાજ લૂમ્બા દ્વારા કરવામાં આવી હતી, જેમણે વિશ્વભરની વિધવાઓ અને તેમના બાળકોની સ્થિતિ સુધારવા માટે પોતાને સમર્પિત કર્યા હતા.

૨૧ ડિસેમ્બર-૨૦૧૦ ના રોજ, સંયુકત રાષ્ટ્ર મહાસભા **(United Nations General Assembly)** એ ઠરાવ **A/RES/65/189** પસાર કરીને દર વર્ષે ૨૩ જૂનને આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી. ૨૩ જૂનને ઔપચારિક રીતે આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ તરીકે માન્યતા આપવાની સાથે સાથે, ઠરાવમાં સભ્ય રાજ્યો, સંયુકત રાષ્ટ્રસંઘના સભ્ય રાષ્ટ્રો અને અન્ય આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સંસ્થાઓને વિધવાઓ અને તેમના બાળકોની સ્થિતિ પર વિશેષ ધ્યાન આપવાનું આહવાન કરવામાં આવ્યું હતું.

■ પ્રેષક :- જ. અહમદ ઇસ્માઇલ વાવડા સા.
લંડન – યુ.કે.

મોહર્રમ ૧૪૪૭ | જુલાઇ - ૨૦૨૫ | તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
vohrasamachar@yahoo.com

## આપણી એ.વાય.દાદાભાઇ ટેકનિકલ ઇન્સ્ટીટયુટ,કોસંબામાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો





એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા ખાતે તા.૧૪ મી જુન ૨૦૨૫ શનિવારે સવારે ૧૦:૩૦ કલાકે ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીના સહયોગથી કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ ધો. ૧૦ (S.S.C.) પાસ થનાર વિદ્યાર્થીઓ માટે યોગ્ય માર્ગદર્શનના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૭૦ થી વધુ વિદ્યાર્થી/વિદ્યાર્થીની અને વાલીઓ પધાર્યા હતા.

સૌ પ્રથમ તિલાવતે કુર્આન પછી સંસ્થાના આચાર્ય ડૉ.ડી.વી. પટેલ સાહેબે સંસ્થાની માહિતી આપી મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. પછી, સંસ્થાના પ્રોફેસર શ્રી મિતેષ પ્રજાપ્રતિ સા. દ્વારા ધો-૧૦ પછીના અભ્યાસ ક્રમો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જયારે સંસ્થાના ટ્રેઇનીંગ એન્ડ પ્લેસમેંટ ઓફીસર જ. સઇદ શેખ સા. દ્વારા ડિપ્લોમા પછી નોકરીની તકો તથા સંસ્થામાંથી ડિપ્લોમા અભ્યાસક્રમ પુરૂ થયા પછી સંસ્થામાંથી વિવિધ કંપનીઓમાં પસંદ થઇ નોકરી મેળવનાર વિદ્યાર્થીઓની માહિતી આપી હતી. આ પ્રસંગે એ.વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટમાંથી પાસ થઇ TCS કંપનીમાં Sr.Managar ની પોસ્ટ મેળવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થી જ. ઇરબાઝ શેખ તથા I.T. કંપનીમાં ઉચ્ચ હોદ્દો મેળવનાર જ. શેહઝાદ રાના એ પોતાના અનુભવો વર્ણવ્યા હતા.

આ પ્રસંગે સોસાયટીના સેક્રેટરી જ. સઇદ અહમદ દરસોત સા., સોસાયટીના ટ્રસ્ટીઓ જ. યુસુફભાઇ પટેલ સા. (સાવાવાલા), જ. આદમભાઇ પાંચભાયા સા., જ. સોયબભાઇ પારખ સા. તથા આસી. સેક્રેટરી જ. ઝીયાઉદ્દીનભાઇ કાઝી સા. હાજર રહયા હતા.

જ. યુસુફભાઇ પટેલ સાહેબે પોતાના મંતવ્યમાં એ.વાય.ડી. ખાતે પ્રવેશ મેળવનારને સોસાયટી તરફથી આપવામાં આવતી સ્કોલરશીપની માહિતી આપી હતી.

ત્યાર પછી સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરાત મુજબ QR Code Scan ના રીઝલ્ટ પ્રમાણે મેરીટના આધારે પ્રથમ ૧૦ (દસ) વિદ્યાર્થી તથા પ્રથમ ૧૦ (દસ) વિદ્યાર્થીનીઓને ઇનામ તથા મોમેન્ટો તથા બાકીના ૪૦ વિદ્યાર્થી તથા ૪૦ વિદ્યાર્થીનીઓને મોમેન્ટો આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ જ. શાકીર દિનાથ સાહેબે આભારવિધી કરી હતી અને રાષ્ટ્રગીત સાથે પ્રોગ્રામ પૂર્ણ થયો હતો.
ત્યારબાદ સંસ્થામાં નવી સ્થપાયેલ Automation Lab અને Computer Center for Electrical Department નું ઉદ્‌ઘાટન ટ્રસ્ટી સાહેબોના હાથે કરવામાં આવ્યું હતું.

■ **હદીષ**

તમારા સમયને ખામોશી વડે પસાર કરો, તમારા કાર્યો સલામત થઇ જશે.

■ **સુવિચાર**

**નીતિ ચોખ્ખી રાખજો વ્હાલા, ભલે રૂપિયા વાળા ના થવાય પરિવાર તો શાંતિથી જીવશે પરંતુ અનીતિ કરશો, તો તમારા પાપનું ફળ તમારા સંતાનો ભોગવશે !**

**અંક : ૦૭**

**માસ : જુલાઇ - ૨૦૨૫**

**માહે : મોહર્રમ ૧૪૪૭**

**તંત્રી : મસ્ત મંગેરા**

## (મુહર્રમ) નવા વર્ષની દુઆ

હદીષ ની કીતાબો મા છે કે જ્યારે નવુ વર્ષ શરૂ થતુ તો આપ સ.અ.વ. ના સહાબા રદી. એક બીજાને આ દુઆ શીખવાડતા અને બતાવતા પણ હતા.

اَللّٰهُمَّ اَدْخِلْهُ عَلَيْنَا . بِالْاَمْنِ وَالْاِيْمَانِ
وَالسَّلَامَةِ وَالْاِسْلَامِ . وَرِضْوَانٍ مِّنَ
الرَّحْمٰنِ وَجِوَارٍ مِّنَ الشَّيْطَانِ - [illegible]

**અલ્લાહુમ્મ અદખિલ્હુ અલ્યના બિલ અમ્ની વલઇમાની વસ્સલામતી વલઇસ્લામી વરીઝવાનીમ્મીનર્રહમાની વજીવારીમ્મીનશ્શયતાની** (અબુઅજુલ અવસત)

**-: તરજુમા :-**

એ અલ્લાહ આ વર્ષને હમારા ઉપર શાંતી અને ઇમાન-સલામતી અને ઇસ્લામ સાથે રહમાનની ખુશી અને શૈતાનથી હીફાઝતની સાથે લાવો.

■ **તંત્રી સ્થાનેથી...!**

નદી નથી વહેતી પણ પાણી વહે છે. એ જ રીતે 'સમય' પસાર નથી થતો, પણ આપણે પસાર થઇ જઇએ છીએ. સમયની નદીના પ્રવાહમાં માણસનું બચપણ, યુવાની, અરે ઘડપણ પણ વહી જાય છે. જીવનને સરી જતું અટકાવવા, એને વેડફાઇ જતું અટકાવવા માણસે પૈસા કરતાં પણ સમયની કાળજી વધારે લેવી જોઇએ. પૈસા બીજીવાર મેળવી શકાય છે, પણ સમય બીજીવાર મેળવી શકાતો નથી. બીજી અગત્યની વાત એ છે કે પૈસા વાપરવાના બદલે તમે એને સાચવી શકો છો, પણ સમયને તમે સાચવી શકતા નથી એ તો વહેતો જ રહે છે, એને સંઘરવાની કોઇ કલા કે વિજ્ઞાન આપણે જાણતા નથી.

અને એટલે જ, આજે જેની પાસે બાળપણ કે યુવાની છે એ ચાલ્યા જવાના છે. કાયમ તે એમની પાસે રહેવાનાં નથી અને એ ચાલ્યું જાય છે પછી જ માણસને એની ખબર પડે છે. આજે જે યુવાન છે, પ્રૌઢ છે કે વૃદ્ધ એ છતાં કામ કરી શકે એવી સ્થિતિમાં છે, પણ કાલે એ સ્થિતિમાં ઓટ આવવાની છે. યુવાન હશે એ પ્રૌઢ બનશે, પ્રૌઢ હશે એ વૃદ્ધ બનશે અને વૃદ્ધ હશે એ વધુ આજાર બનશે. આજે જે કામ કરી શકે છે એ કાલે કદાચ એવી રીતે નહી કરી શકે. એટલે 'આજ' નો ઉપયોગ સારામાં સારી રીતે કરી લેવો જોઇએ. આજનો દિવસ ગઇ કાલ બની જાય એ પહેલાં જ એનો ઉપયોગ કરી લેવો જોઇએ.

- મસ્ત મંગેરા (કાંગવઈ)

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઇબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઇન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## નેકી, તારાં નવલખ રૂપ

- મુસાજી દીપક બારડોલીકર

હઝરત તાઉસ યમનીએ કહયું, મારા જૂતા તમારી જાજમની પડખે મૂકવા વિશે કહીશ કે હું મારા અલ્લાહની ઇબાદત માટે જાઉં છું ત્યારે દરરોજ પાંચ વખત મારા જૂતા કાઢીને ત્યાં મૂકું છું અને એ માટે તે મને શિક્ષા કરતો નથી. તમારા હાથ નહીં ચૂમવા વિશે કહીશ કે મેં હઝરત અલી (રદિ.) ને આમ કહેતા સાંભળ્યા છે કે પત્નીના હાથ સિવાય કોઇના હાથ અને આદરભાવથી પોતાનાં માતા-પિતાના હાથ સિવાય કોઇના હાથ કોઇએ ચૂમવા જોઇએ નહીં. તમને અમીરૂલ મુઅમીનીન ન કહેવાનું કારણ આ છે કે લોકો તમારી હકૂમતથી ખુશ નથી અને તમારું નામ લઇને તમને સંબોધવા વિશે કહીશ કે અલ્લાહ પણ તેના પ્રિય બંદા અને પેગમ્બરોને તેમનાં નામથી સંબોધે છે અને તમારાં પડખે બેસી જવા વિશે કહીશ કે મેં હઝરત અલીને કહેતા સાંભળ્યા છે કે અગર તમે કોઇ જહન્નમવાસીને જોવા ઇચ્છો તો તેને જુઓ કે જે તેની આસપાસ ખડે પગે રહેતા લોકો સાથે બેસવાનું પસંદ કરે છે!

અને આટલું કહીને હઝરત તાઉસ યમની ત્યાંથી ચાલ્યા ગયા.

(ઇહયાઅ-ઉલૂમુદ્દીન-૨, હલાલ-હરામ-૬)

ઓ લોકો! અગર તે (અલ્લાહ) ઇચ્છે તો તમને મિટાવી શકે છે અને (તમારી જગ્યાએ) અન્ય (પ્રજા) ને પેદા કરી શકે છે. અલ્લાહ એમ કરવાને શકિતમાન છે. (૧૩૩) અલ-નિસાઅ-૪

### રહમાનો - રહીમનો ઇશ્ક

તમારા ખુદાએ તમારું શું બગાડયું હતું કે તમે તેને તજી દીધો છે? અને તેને તજીને કઇ સંપત્તિ અને ન્યામત છે, જે તમને મળી ગઇ છે? ખુદાથી વધીને તે કોણ સ્વરૂપવાન છે, જેના રૂપસ્વરૂપે તમને ખુદાથી છીનવી લીધા છે? અને તેનાથી વધીને કોની પાસે મહોબત અને પ્યાર છે, જેની જંજીરો તમારા પગોમાં પડી ગઇ છે? તમે પારકાની પાસે જાઓ છો, જેથી તમને ઠોકરો ખાવી પડે છે! ખુદાની પાસે દોડીને જતા નથી કે જેથી તે તમને પ્યાર કરે?

અગર તમે મહોબતના ભૂખ્યા છો તો અલ રહમાનુર્રહીમ થી વધીને અન્ય કોણ છે જેના ઇશ્કમાં તેને તજી રહયા છો? અગર તમે ખાદ્યખોરાકીના ભૂખ્યા છો તો રબ્બુલ-આલમીનથી વધીને અન્ય કોણ છે, જેના ખજાનાની લાલચે તમને મતવાલા કરી દીધા છે? તમે તમારી મહેનતની મજૂરી માગો છો તો માલિકે યવમદીનથી વધીને અન્ય કોણ મળી ગયો છે, જે તમને બદલો આપશે? (અફકારે આઝાદ) **(ક્રમશ)**

### મનાવી લઇએ

કોઇ દુખિયાને મનાવી લઇએ
ભાગ દુખમાંથી પડાવી લઇએ

એકલા એકલા લૂટાઇ જાશું
ચાલો, વણજાર બનાવી લઇએ

જામે-જમ જોઇએ ન જામે-શિફાલ
અમે ખોબાથી ચલાવી લઇએ

એટલી મોટી છે દિલની ગાગર
દુખના સાગરને સમાવી લઇએ

અશ્ક જીવનની શિકાયત કેવી
ચાર દિવસ છે વિતાવી લઇએ

- અશ્ક માણવદરી

# કેટલાંક દિવસો ટોકીયો અને બેજીંગમાં

- યુસુફઅલી મંગેરા, લંડન - યુ.કે.

મસ્જીદમાં વધારે શ્રીલંકન ઉપરાંત પાકિસ્તાની, અફઘાની, અરબી, બાંગ્લાદેશી તથા જાપાનમાં પહેલી વાર ચાર (૪) ગુજરાતી ભાઇઓ જે આણંદ-નડીયાદ તથા કાઠીયાવાડનાં હતા. સાથે ભેટો થયો. નમાઝ બાદ ખાવાનો ઇંતેઝામ હતો. અમો પરવારીને રાત્રે હોટલ આવ્યા. અને બીજે દિવસે સવારે Beijing (જુનું નામ પેકીંગ) ચાઇના જવાની કરી.

ગુરૂવારે સવારે ચા-નાશ્તાથી ફારીગ થઇ હોટલ માંથી ડીસ્ચાર્જ થયા. જનાબ ફાએક મોહમ્મદભાઇ એમની અહેલીયા તથા એમની દીકરી સાથે બહાર ગાડી લઇ એરપોર્ટ લઇ જવા તૈયાર હતા. એ સિવાય OTSUKA મસ્જીદ તરફથી જનાબ હારૂનભાઇ, જનાબ નીસા મોહમદભાઇ વિગેરે અમને અલવીદા કહેવા આવ્યા. અલ્લાહ તઆલા એમની કોશીશોનો યોગ્ય બદલો આપે. આમીન. ભાઇ ફાએક મોહમ્મદ સાહેબ અમને એરપોર્ટ લાવ્યા. સાથે ગરમ-ગરમ ભાણુ પણ એમનાં ઘરેથી લાવ્યા હતા. ટોકીયોનાં હાનેડા એરપોર્ટ પર ચેકઇનથી ફારીગ થઇ ઉપર લઇ જઇ ઘણાં જ આગ્રહ અને લાગણીથી અમને જમાડ્યું. અલ્લાહ તઆલા એમને કબુલ કરે. અને દુનિયા અને આખેરતમાં યોગ્ય બદલો આપે. આમીન. અંતે અશ્રુભીની આંખે એમનાથી વિદાય લીધી.

જાપાનની ભૌગોલીક અને ઐતિહાસીક અને સામાજીક પરિસ્થતિ જાપાન પુર્વએશિયાનો અને ઉગતા સુર્યનો દેશ ગણાય છે. ઉગતા સુર્યનાં કિરણો સૌથી પહેલાં જાપાનની ધરતી પર પડે છે. નવા વર્ષનાં આગમન કાળે કેટલાંક લોકો વર્ષનો પૃથ્વી પર પહેલો પ્રકાશનો લહાવો લેવા જાપાન જાય છે. જાપાન આશરે નાના મોટા ૬૦૦૦ જેટલાં ટાપુઓથી બનેલો દેશ છે. જેમાં ચાર (૪) મોટા છે. (1) HOKKAIDO ISLAND (2) HONSHU ISLAND એ જાપાનનો મોટો ટાપુ છે. જેનાં મોટા શહેરો ટોક્યો, OSAKA, HIROSHIMA, NAGOYA, KYOTO અને YOKOHAMA છે. (3) KYUSHU ISLAND (4) SHIKOKU ISLAND વિસ્તાર ૧ લાખ ૪૫ હજાર ૯૩૩ ચોરસ માઇલ છે. વસ્તી સાડા બાર કરોડથી વધુ છે. દેશનાં ૭૦ ટકા વિસ્તારમાં પહાડો છે. બાકીની જમીનમાં વસ્તી, ઓદ્યૌગીક એકમો અને લગભગ ૧૦-૧૫ ટકા વિસ્તારમાં ખેતી, મુખ્યત્વે ડાંગરનો પાક થાય છે. અમો નાનપણમાં દોરડીથી સીધી લાઇનમાં એક ખાસ અંતરે ડાંગર રોપવાની પધ્ધતિને જાપાની પધ્ધતિથી રોપવાનું સાંભળતા હતા.

જાપાન ટાપુઓથી બનેલો દેશ છે. જેથી જમીન માર્ગે એની સરહદો કોઇ દેશને લાગતી નથી. સમુદ્ર પાર નજીકનાં દેશોમાં કોરીયા પશ્ચિમે, ચાઇના ઉત્તર પશ્ચિમે તથા રશિયાનો સમાવેશ થાય છે. જાપાનની નાની અને ઉતાવળી નદીઓ વાહન વ્યવહાર માટે ઓછી અને જળવિદ્યુત માટે ખુબજ ઉપયોગી છે. લોકો આહારમાં ચોખા તથા સીફુડનો ઉપયોગ વધુ કરે છે. કાચી શાકભાજી આહારમાં લે છે. દ્રાક્ષ પણ સારા પ્રકારની ઘણી જ જ્યુસી અને મિઠી થાય છે. જાપાનમાં તડબુચ ખુબ જ મોંઘા હોય છે. લોકોની સરેરાશ ઉંમર વધુ છે. ૧૦૦ વરસથી મોટી ઉંમરના લોકો પણ ઘણા છે. ફાસ્ટફુડની ઘણી દુકાન છે. ચોપસ્ટીક (બે લાકડી દ્વારા) થી જમે છે. શહેરોમાં લોકો વધુ રહે છે. ડાબી બાજુ ડ્રાઇવીંગ છે. લોકો મહેનતુ છે. ઇમાનદારીમાં પણ ઘણાં આગળ છે. પોલીસો બહુ ઓછા નજરે પડે છે. ઝુકીને હાથ લાંબા કરીને સલામ કરવાની રીત છે. સફાઇ કરનારાને હેલ્થ એન્જીનીયર ગણે છે. ખુબ સુરત ફુલાનાં શોખીન છે. વસંતઋતુ સમયે ચેરી બ્લોસમનાં ઝાડો ફુલોથી છવાઇ જાય છે. જાપાનમાં નોટ ફાડવું ગુનો ગણાય છે. કાળી બિલાડીને શુભ માને છે. ઘરમાં નોકર રાખવાનું પસંદ નથી કરતા. જાપાનમાં વેન્ડીંગ મશીનો (પૈસા નાંખીને વસ્તુ ઓટોમેટીક લેવી) આશરે ૫૦ લાખ જેટલાં ઠેરઠેર છે. લોકો કામથી થાકીને ટોકયોનાં અકીહાબારા ડીસ્ટ્રીકટમાં ગેમ રમીને બોજ હલકો કરે છે. લોકો પોતાના કામથી કામ રાખે છે. રીઝર્વ ટાઇપનાં લોકો છે. રેલ્વે ઘણી ફાસ્ટ અને મોડર્ન છે. ૬૦ ટકા વારસાઇ ટેક્ષ છે. (ક્રમશ)

## હઝરત મૌલાના ગુલામમોહંમદ વસ્તાનવી સાહેબનું જીવન ઝરમર

**જન્મ :-** હઝરત મૌલાના ગુલામમોહંમદ વસ્તાનવી સાહેબ નો જન્મ તા. ૧-૬-૧૯૫૦ ના રોજ સુરત જિલ્લાના કોસાડી ગામે થયો હતો. આપના દાદા હાજી ઇબ્રાહીમ રંદેરા સા. તે સમયના ગામના મુતવલ્લી હતા. તેઓ દીનના પાબંદ અને ઉલમાએ કિરામથી મોહબ્બત રાખનાર ખિદમત ગુજાર બંદા હતા. તેમના પાંચ ફરજંદોમાંથી હાજી ઇસ્માઇલ રંદેરા સા. ના ફરજંદ હઝરત મૌલાના ગુલામમોહંમદ વસ્તાનવી સાહેબ.

**તાલીમ :-** બુનિયાદી તાલીમ કોસાડી મદ્રેસામાં પુરી કરી. ત્યારબાદ આપના નાનીમા પાસે હથુરણ ગામે રહીને ધોરણ ૧ થી ૪ સુધીનું શિક્ષણ લીધું. ધોરણ ૫-૬ મદ્રેસા કુવ્વતે ઇસ્લામ ઘલાં (જિલ્લા સુરત) માં પસાર કર્યું. ધોરણ ૭ વડોદરા ખાતે મદ્રસા શમ્સુલ ઇસ્લામ માં રહીને પાસ કર્યું. ફાઇનલ પાસ કર્યા પછી આપ ફલાહે દારેન તડકેશ્વર માં દાખલ થયાં. ત્યાં આપે ઉર્દૂ થઇ લઇ બુખારી શરીફ સુધીની તાલીમ પૂરી કરી. આ દરમિયાન હઝરત મૌલાના અબ્દુલ્લાહ પટેલ કાપોદ્રવી સાહેબ આપને એક ફરજંદની જેમ રાખતા હતા. સન ૧૯૭૨ માં આપ ફારેગ થયા. આપના મુરબ્બી હઝરત મૌલાના અબ્દુલ્લાહ પટેલ કાપોદ્રવી સાહેબ ના મશ્વરાથી મઝાહિરૂલ ઉલૂમ - સહારનપુર (યુ.પી.) માં બીજી વાર દોરેહદીસ (બુખારી શરીફ) પઢયા.

**ખિદમતી કારકિર્દી:-** હઝરત મૌલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સાહેબના હુકમ અનુસાર ગુજરાતની મશહુર દીની દર્સગાહ દારૂલ ઉલૂમ કંથારીયામાં મુદર્રિસ તરીકે ૧૦ વર્ષ સુધી ખિદમત આપતા રહયા. ખિદમત ગુજાર અલ્લાહવાલાઓને ખિદમતી મેદાન જોઇએ. અલ્લાહપાકે તેમના માટે એક અજીબોગરીબ વિસ્તાર, જે ખિદમતનો ખજાનો હતો તે સોંપી દીધો. મહારાષ્ટ્ર રાજયના ખાનદેશ ઇલાકાના અકકલકુવા ગામે જઇને આ સુરતી આલિમે (વસ્તાનવી સાહેબે) ૧૯૮૦ માં પડાવ નાખ્યો. એક નાનો એવો તાલીમનો છોડ (મદ્રેસા) રોપ્યો. (સ્થાપના કરી) જે છોડ મહેનત, જતન અને લગન સાથે જમાનાની માંગ પ્રમાણે વિકસતો ગયો. એ નાનો છોડ આજે વિશાળ વટવૃક્ષ બનીને જબરજસ્ત તાલીમી સંસ્થાન બની ગયું છે. જેના દ્વારા હજારો તલબા-ત વિદ્યાર્થીઓને દીની-દુન્યવી તાલીમ આપીને પછાત એવા આદિવાસી વિસ્તારના આ ગામ અકકલકુવાને વિશ્વના નકશા ઉપર ખ્યાતિ અપાવી દીધી છે અને આ ગામ જગતમાં મશહુર બની ગયું છે. એક જ ઇન્સાનની રેહબરીથી એ પછાત વિસ્તારની સરજમીનની કાયા પલટ થઇ ગઇ. ઉજ્જડ, વેરાન પ્રદેશ, એક અલ્લાહવાલાની નિગરાની નીચે તાલીમી સંસ્થાઓ દ્વારા બાગ-બાગ બની ગયો. આ વટવૃક્ષ (તાલીમી સંસ્થા) ની શાખાઓ અને પ્રશાખાઓ હિંદુસ્તાનના કેટલાય પ્રદેશોમાં પાંગરી છે. અને તેની છાયા અને મીઠા ફળ આજે હજારોની સંખ્યામાં ભારતવાસીઓ માણે છે.

જામીઆ ઇસ્લામિયા ઇશાતુલ ઉલૂમ-અકકલકુવા ની આ સંસ્થામાં હાલ ડઝન ઉપર રાજયોના હજારો તલબા (વિદ્યાર્થી) ઓ દીની તાલીમ લઇ રહયા છે. હઝરત મૌલાના વસ્તાનવી સાહેબે આ સંસ્થામાં દીની તાલીમની સાથે સાથે દુન્યવી તાલીમની માટે પણ જામીઆ અકકલકુવામાં કોલેજોની હારમાળા સ્થાપીને મુસ્લિમ કોમના નવયુવાન બેકાર અને અશિક્ષિત ન રહી જાય તે માટે ઘણા પ્રયાસો હાથ ધર્યા છે. અલહમદુલીલ્લાહ! હઝરત મૌલાના વસ્તાનવી સાહેબ ને આ ક્ષેત્રે પણ ભરપૂર કામયાબી હાંસીલ થઇ છે. શૈક્ષણિક વિભાગમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. તેમને અભ્યાસની સાથે સાથે દીની તાલીમનો કોર્ષ પણ પઢાવવામાં આવે છે.

### જામીઆ અકકલકુવા સંચાલિત કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ તથા હોસ્પિટલોની યાદી

(૧) જામીઆ એ. જી. યુનાની મેડિકલ કોલેજ- અકકલકુવા
(૨) જામીઆ એન્જીનીયરીંગ કોલેજ- અકકલકુવા
(૩) જામીઆ અલીઅલાના ફાર્મસી કોલેજ-અકકલકુવા
(૩) જામીઆ અલીઅલાના ફાર્મસી કોલેજ-અકકલકુવા
(૪) જામીઆ **D. Ed** કોલેજ-અકકલકુવા
(૫) જામીઆ **B. Ed** કોલેજ- અકકલકુવા
(૬) જામીઆ **ITI** કોલેજ- અકકલકુવા
(૭) જામીઆ ઉર્દૂ પ્રાયમરી સ્કૂલ-અકકલકુવા
(૮) જામીઆ પ્રાયમરી સ્કૂલ (ઇંગ્લીશ મિડીયમ)-

અકકલકુવા

(૯) મવલાના અબ્દુલ કલામ આઝાદ રેસીડેન્શીયલ જામીઆ ઉર્દૂ હાઇસ્કૂલ એન્ડ જુનિયર કોલેજ (સાયન્સ પ્રવાહ)- અકકલકુવા

(૧૦) મવલાના અબ્દુલ કલામ આઝાદ એજ્યુકેશનલ ટ્રસ્ટ-બાલાઘાટ

(૧૧) સબીના હોસ્પિટલ-બોટાદ (જિ.ભાવનગર)

(૧૨) ઉમર-બિન ખત્તાબ વેલ્ફેર ટ્રસ્ટ-કુંજખેડા (જિ.ઔરંગાબાદ)

(૧૩) શાયા હોસ્પિટલ-પારલી (જિ.બીડ)

(૧૪) મુનીરા હોસ્પિટલ-રંજની (જિ.જાલના)

(૧૫) મોઉસીન હોસ્પિટલ-કાલીકાપુર (વેસ્ટ બેંગાલ)

(૧૬) અલ ઉમર કલીનીક-ફૈઝપુર (જિ.જલગાંવ)

(૧૭) દાર-અલ શિફા કલીનીક-કુંજ ખેડા (જિ.ઔરંગાબાદ).

ભારતના પાંચ રાજયોમાં પચાસ ઉપર ઇસ્લામિક રેસીડેન્શિયલ સેન્ટર સ્થાપેલા છે. હઝરત મૌલાના ગુલામમોહંમદ વસ્તાનવી સાહેબ આ સંસ્થાઓના આધસ્થાપક, પ્રમુખ અને સંચાલક હતા.

અકકલકુવાના આદિવાસી વિસ્તારમાં મોટી હોસ્પિટલની સુવિધા ન હોવાથી વસ્તાનવી સાહેબે **અસ્સલામ હોસ્પિટલ**ની સ્થાપના કરી છે, જે છેલ્લા ૨૮ વર્ષથી કોઇ જાતના ભેદભાવ વગર કાર્યરત છે. આ સંસ્થા જામીઆ અકકલકુવા દ્વારા દીની-દુન્યવી તાલીમની સાથે સાથે મસ્જીદ, મદ્રેસા, કુવા, બોરીંગ વગેરે સમાજ ઉપયોગી કામો કરવામાં આવે છે.

**પ્રકાશન:-** જામીઆ અકકલકુવાની સ્થાપના થઇ ત્યારથી વસ્તાનવી સાહેબ નાની-મોટી કિતાબો, હેન્ડબીલ, પરચા પ્રગટ કરીને પ્રચાર-પ્રસાર કરતા હતા. લોકોમાં જાગૃતિ લાવવા માટે ખાસ પ્રકારનું પ્રકાશન પ્રગટ કરવાનું વિચાર્યું. જે કાયમી લોકો સુધી પહોંચે અને લોકો ભરપૂર લાભ ઉઠાવે. આ ઉપરથી જામીઆ અકકલકુવાથી **બયાને મુસ્તફા** (સલ.) ગુજરાતી માસિક શરૂ કર્યું. જે ગુજરાતી ઇસ્લામી સામયિકોમાં અગ્રસ્થાને છે, જે છેલ્લા ૩૨ વર્ષથી નિયમિત પ્રગટ થાય છે. જેની હાલમાં માસિક સેંકડો પ્રતો પ્રગટ થાય છે.

હઝરત મૌલાના ગુલામમોહંમદ વસ્તાનવી સાહેબ જામીઆ અકકલકુવાની સાથે આખા દેશમાં ૫૦ જેટલી શાખાઓ ચલાવતા. આજ દિન સુધી જામીઆ તથા તેની શાખામાંથી હજારોની સંખ્યામાં તલબા હાફિઝ કુરઆન બની ચૂકયા છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં શાખાઓ છે ત્યાં દીની તાલીમની સાથે સાથે **S.S.C.** સુધીનું શિક્ષણ આપતી સ્કૂલો સ્થાપી છે. ઓગષ્ટ ૨૦૦૪ થી દારૂલ ઉલૂમ-અકવાડા (જિ.ભાવનગર) ખાતે વસઇવાલા **I.T.I.** ની સ્થાપના કરેલ છે. મદ્રસા અશ્રરફુલ ઉલૂમ-બોટાદ (જિ.ભાવનગર) ખાતે જુન ૨૦૦૪ થી ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજુરી મળતાં ધોરણ ૧૧ ના વર્ગો શરૂ કરી દેવામાં આવ્યા હતા. મરાઠાવાડાની શાખાની નિગરાનીમાં પણ ઘણી જગ્યાએ હોસ્પિટલ શરૂ કરી લોક સેવા પણ કરવામાં આવે છે.

## હઝરત મૌલાના ગુલામમોહંમદ વસ્તાનવી સાહેબને મળેલ વિવિધ એવોર્ડ

(૧) ખાદીમુલ કુર્આન

(૨) ૧૯૯૮ માં કુવૈતની દીન-મિલ્લી અને સેવાભાવી સંસ્થા **લજનતુલ ફલાહ અલખયરિયહ** એ વસ્તાનવી સાહેબની દીની સમાજ ઉપયોગી-લોકહિત ખિદમતોની કદરરૂપે ગોલ્ડ મેડલ અર્પણ કરેલ છે

(૩) મરાઠાવાડા તાલીમી બોર્ડ ઔરંગાબાદ તરફથી વર્ષ ૨૦૦૩ માં **હઝરત મવલાના અલીમિયા** એવોર્ડ

(૪) સ્પેશ્યલ એજ્યુકેટીવ મેજીસ્ટ્રેટ સોસાયટી તરફથી ઉર્દૂ એજ્યુકેશન માટે વર્ષ ૨૦૦૩ ગોલ્ડ મેડલ

(૫) સ્પેશ્યલ એજ્યુકેટીવ મેજીસ્ટ્રેટ સોસાયટી- મુંબઇ તરફથી ઉર્દૂ એજ્યુકેશન માટે વર્ષ ૨૦૦૪ નો **નાઇટ ઓફ ધ મિલેનીયમ** ગોલ્ડ મેડલ

(૬) હઝરત મૌલાના સાહેબે **માનવ સંબંધો** વિષય ઉપર **MBA** ની ડિગ્રી ઇન્ડિયન કાઉન્સીલ ઓફ મેનેજમેન્ટ એજ્યુકેટીવ એન્ડ સ્પેશ્યલ એજ્યુકેટીવ મેજીસ્ટ્રેટ સોસાયટી મુંબઇ દ્વારા મેળવી છે.

આ ઉપરાંત બીજા ઘણા બધા એવોર્ડથી આપને નવાઝવામાં આવેલા. ■

# આધ્યાત્મિક સફર

ઉર્દૂ લેખક: મૌ.ઇફતિખારઅહમદ કાસિમી સમસ્તીપૂરી
અનુવાદક : યુસુફખાન પઠાણ (ગુંજાવાળા)

જે માનવી પોતાના મન સામે નિર્બળ પૂરવાર થાય છે તેના ઉપર તેનું મન (આત્મા) કાબૂ મેળવી લે છે, તેને પોતાનો ગુલામ બનાવી લે છે અને એવી વ્યકિત તેની (મનની) સામે ડરપોક બિલાડીની જેમ પૂંછડી પટપટાવતો રહે છે. તેની દરેક ઇચ્છાને પૂરી કરે છે અને આ રીતે મનની (આત્માની) જાળમાં ફસાઇને પોતાને બરબાદ કરી નાખે છે. આવી વ્યકિત માટે આત્માનો હિસાબ લેવાનું કાર્ય - પોતાના આત્મા સાથે સારા - નરસાની ચર્ચા કરવાનું કામ ઘણું જ મુશ્કેલ બની જાય છે. આમ છતાં એવી વ્યકિત પણ જો હિંમત અને જુસ્સા સાથે કામ લે તો આત્માના ફંદામાંથી છૂટકારો મેળવી શકે છે.

એક મહાન બુઝુર્ગ સુફી સંત મહાન વિદ્વાન બુસૈરી (રહ.) ફરમાવે છે કે, માનવીનું મન એક નાના બાળક જેવું છે કે તે દૂધનો આદી બની ગયો છે. હવે જો તેને દૂધ છોડાવવામાં આવે તો તે બાળક રડશે, ચીસો પાડશે, શોરબકોર કરી મૂકશે. તેના માતા-પિતા જો એવું વિચારે કે દૂધ છોડાવવાથી બાળકને ઘણી મૂશ્કેલી પડી રહી છે, તેથી તેને દૂધ પીતો જ રહેવા દો, તો પરિણામ એ આવશે કે તે બાળક યુવાન થઇ જશે તો પણ દૂધ પીવાનું (વ્યસન) છોડી નહીં શકે. હવે જો તેને રોટલી ખવડાવવામાં આવશે તો તે નહીં ખાય, પરંતુ માના દૂધની માંગણી કરશે, તેને લીધે તેનું પેટ ખરાબ થઇ જશે અને તે દૂધ સિવાયની અલ્લાહની બીજી હજારો નેઅમતો બક્ષીસોથી વંચિત થઇ જશે.

એટલા માટે મા-બાપ સમજદારીપૂર્વક એક નિશ્ચિત સમય પછી ગમે તે રીતે બાળકનું દૂધ છોડાવી દે છે. પછી ભલેને તે બાળક રડે, તડપે કે આખી રાત શોરબકોર કરે! કેમ કે મા-બાપ જાણે છે કે બાળકની ભલાઇ આમાં જ છે. જો આજે એનું દૂધ ન છોડાવ્યું (માનું દૂધ પીવાનું બંધ ન કરાવ્યું) તો પછી તે જીંદગીભર રોટલી ખાવા લાયક રહેશે નહીં. એવી જ રીતે જો હિમ્મત કરીને મનને ગુનાહ કર્યે જવાની ટેવ છોડાવવામાં નહીં આવે તો તે ક્યારેય આંતરિક શકિતનો ભાર ઉપાડી શકશે નહીં અને અલ્લાહના નૂર (દિવ્ય પ્રકાશ) અને તજલ્લીઓના દર્શનથી હમેશના માટે વંચિત રહેશે.

મનની સુધારણાની યોગ્ય રીત એ છે કે આત્મસંયમ (Self Control) ની ટેવ પાડવામાં આવે. ભાવનાઓ, વિચારો અને ઇચ્છાઓ ઉપર કાબૂ રાખવામાં આવે. મનને બહેકવાથી, વિચારોને અસ્તવ્યસ્ત થવાથી, ગમે તેમ વિચરવા દેવાથી અને નજરોને ગેરમાર્ગે દોરવાથી રોકવામાં આવે, કેમ કે ઇચ્છાઓથી પથભ્રષ્ટતા અને નજરની ખરાબીને કારણે દિલ અને દિમાગ (બુદ્ધિ) શાંતિ-અમનચેન અને સુખચેનથી વંચિત થઇ જાય છે. મનોવૈજ્ઞાનિઓએ મન ઉપર કાબૂ મેળવવા માટેની એવી રીત બતાવી છે કે મન જે કંઇ પણ ઇચ્છે તેની વિરુદ્ધમાં વર્તન કરવામાં આવે. દાખલા તરીકે જો મન આળસુ હોય અને આરામ કરવાની ઇચ્છા રાખતું હોય ત્યારે તેનાથી વિપરીત ખૂબ જ શ્રમ પડે તેવું કામ શરૂ કરવામાં આવે. જો મન સ્વાર્થીપણામાં ગરકાવ હોય તો વધારેમાં વધારે શકય તેટલું નિ:સ્વાર્થ ત્યાગ અને બલિદાન આપવામાં આવે અને જયારે આત્મા કંજૂસાઇ તરફ પ્રેરિત થાય તો વધારેમાં વધારે દાન કરે અને ઉદારતા બતાવે.

આધુનિક વિજ્ઞાનનું એ સંશોધન છે કે, આપણા મગજમાં અચેતન મન (નાનું મગજ - Cerebellum) નો એક ભાગ હોય છે, જયાંથી બુરાઇઓની તીવ્ર ઇચ્છા ઉદ્‌ભવે છે, પરંતુ તેના ઉપર મોટું મગજ આવેલું છે, જે વિચારવાનું કામ કરે છે. ચિંતનના આ કાર્ય દ્વારા તે બુરાઇઓની તીવ્ર ઇચ્છાઓને દબાવે છે, અવ્યવસ્થાને કાબૂમાં રાખી શકે છે. જો આ કામ ન કરવામાં આવે તો બુરાઇઓની ઇચ્છા સારા વિચારો ઉપર કબજો જમાવી લે છે અને વિચારવાની અને સમજવાની આવડત નષ્ટ પામે છે, પછી તો કંઇ જ સમજમાં આવતું નથી.

ઉદાહરણ તરીકે કામવાસના દરમિયાન શરીરમાં એવા રાસાયણિક ફેરફારો (કુદરતી આવેગો) પેદા થાય છે, જે વાસનાકીય ઉન્માદ અને ઉત્તેજનાને પ્રોત્સાહન આપે છે, માનસ ઉપર એક પ્રકારનો કૈફ (નશો)છવાઇ જાય છે. અને માનવીની વિચારવાની અને સમજવાની આવડત નષ્ટ થઇ જાય છે અને પછી ગુનાહ-પાપ કર્યાનું ભાન પેદા થાય છે, જેને

લીધે ગભરામણ મને દ્વિધાત્મક લાગણી પેદા થઇ જાય છે, જે શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે ઘણી જ ભયંકર સાબિત થઇ શકે છે. આ ભય - ચિંતા અને ગભરામણને લીધે શરીરમાં લોહીનું દબાણ વધી જાય છે, જેના કારણે શરીરનો રંગ કાળાશ પડતો અથવા તો લાલાશ પડતો થઇ જાય છે અને આવી હાલત સ્થિર થવાથી ચહેરો કાળો પડી શકે છે, તેથી શારીરિક અને માનસિક સુખાકારી માટે ઉત્તેજનાના આવેગોને કાબૂમાં રાખવામાં ખૂબ જ જરૂરી છે. તેની રીત એવી છે કે માનવીએ જાતે સદ્‌વિચારોના આદી બની જવું જોઇએ.

કેટલાક લોકો ભલાઇઓ તો ખૂબ જ કરે છે, પરંતુ આત્માની સુધારણા ન થવાને કારણે હુકુકુલ્લાહ (અલ્લાહ તરફી હક્કો) અને હુકૂકુલ ઇબાદ (બંદાઓ તરફના હક્કો) ને બરબાદ કરીને ગુનાહોમાં રચ્યાપચ્યા રહે છે. આ આવું જ છે, જેવું કે બીમાર વ્યક્તિ દવા પણ ખાય અને પરહેઝ પણ ન કરે. એટલે કે જે ચીજવસ્તુ ખાવાની ના પાડવામાં આવી છે તે પણ ખાતો રહે. એ હકીકત સ્પષ્ટ છે કે આવી સ્થિતિમાં કોઇ પણ દિવસ રોગનું નિવારણ ન થઇ શકે, તંદુરસ્તી કે સંપૂર્ણ રોગમુક્તિ પ્રાપ્ત ન થઇ શકે, કેમ કે દવાની સાથે સાથે પરહેઝ કરવું એટલે કે જે વસ્તુ કે ખોરાક ખાવાની ના પાડવામાં આવી હોય તે ખાવાથી બચવું એ પાયાની જરૂરિયાત છે, બલકે પરહેઝ જ સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. રિવાયતમાં આવે છે કે اَلْحِمْيَةُ اَصْلُ الدَّوَاءِ - પરહેઝ જ અસલ ઉપચાર છે.

જેથી નેકીઓ કરવાની સાથે સાથે ગુનાહોથી બચવાની ખૂબ જ ચીવટ રાખવી જોઇએ અને જો કદી ગુનાહ - પાપ થઇ પણ જાય તો તરત જ તવબા - પ્રાયશ્ચિત્ત કરીને અલ્લાહ તઆલા સમક્ષ માફી માંગી લેવી જોઇએ, બલકે સજારૂપે આત્માની વિરુદ્ધ એટલે કે મનેચ્છાઓની વિરુદ્ધ કેટલીક શારીરિક અને સખાવતરૂપ ઇબાદત કરવી જોઇએ. આનાથી આત્માને બોધપાઠ મળશે અને હવે પછી પાપ કરવાની હિમ્મત નહીં કરે - ઇચ્છા પણ નહીં કરે.

કુર્આન શરીફ ફરમાવે છે:

قَدْ أَفْلَحَ مَنْ تَزَكَّىٰ وَذَكَرَ اسْمَ رَبِّهِ فَصَلَّىٰ

ભાવાનુવાદ : **એ વ્યક્તિ પોતાની ઇચ્છાને પામી શક્યો - ભાગ્યવંત બની ગયો જે પાક - સાફ અને પવિત્ર બન્યો અને પોતાના પાલનહાર - અલ્લાહના નામનું સ્મરણ કર્યું, પછી નમાઝ પઢી.** (સૂ.અલ અઅ્‌લા: ૧૫)

હઝરત શાહ વલીય્યુલ્લાહ સાહબ મુહદ્દિસ દહેલવી (રહ.) ફરમાવે છે કે, **અલ્લાહનું નામાસ્મરણ અતિ આવશ્યક સમજીને કરવાથી આત્મા પવિત્ર બની જાય છે અને આત્માની પવિત્રતાથી અલ્લાહ તઆલાની સમીપતાનું ધ્યાન પ્રબળ બને છે.**

હઝરત મવલાના મુહમ્મદ અહમદ પ્રતાપગઢીના જણાવ્યા મુજબ:

**નામ તેરા મેરે દિલકી હૈ દવા,**
**ઝિક તેરા રૂહકી મેરી હૈ શિફા.**

હુજ્જતુલ ઇસ્લામ હઝરત ઇમામ ગઝાલી (રહ.) એ ઇસ્લાહે નફસ-આત્માની સુધારણા માટે ચાર અનુભવસિદ્ધ રીતો બતાવી છે, જે નીચે મુજબ છે:

(૧) કોઇ નિપૂણ આધ્યાત્મિક ગુરૂની સેવામાં હાજર રહે, જેથી તે તેના હલનચલન, ચાલ-ચલગત-આચરણ ઉપર નજર રાખીને એના દુર્ગુણો જાહેર કરે.

(૨) પોતાના કોઇ દયાળુ - ઉપકારક અને નિષ્કપટ મિત્રને પોતાનો નિરીક્ષક બનાવે, જે ફક્ત તેને સારું લગાડવા માટે જ તેના દુર્ગુણોને ન છુપાવે અને ન કે ઇર્ષ્યાને કારણે તેનામાં વધારો કરે.

શૈખ દાવુદ તાઇ (રહ.) ને લોકોએ પૂછ્યું કે, આપ લોકો સાથે કેમ ઉઠકબેઠક રાખતા નથી? તો આપ (રહ.) એ જવાબ આપ્યો કે, તેઓ મારા દોષ - અવગુણ મને જણાવતા નથી, પછી એમની પાસે બેસવાથી શો ફાયદો? શો લાભ?

(૩) પોતાન વિશે દુશ્મનની વાત સાંભળે, કેમ કે દુશ્મનની નજર હમેશાં દોષ ઉપર જ પડે છે, તેથી દુશ્મન દુશ્મનીમાં અતિશયોક્તિ પણ કરે, આમ છતાં એનું દોષ જોવું સત્યથી વેગળું હોતું નથી.

(૪) બીજાઓની હાલત ઉપર નજર કરે અને જ્યારે કોઇનામાં દોષ - અવગુણ જુએ તો પોતે તેનાથી દૂર રહે અને એવું વિચારે કે એ પોતે પણ આવો જ છે - એનામાં પણ અવગુણ છે. **(ક્રમશ)**

# એક તણખલાની વાત

**હનીફ નાકત. કોંઠ**

અલ્યાઓ સાંભળ્યું કે આપણા યાસીન ચાચાનો ઇરફાન આવતી રવીવારે અહીં ગામડે, એના પોતાના માદરે વતન પધારી રહયો છે! પંખીના માળા જેવા નાનકડા ગામમાં ઇરફાનના આગમનની વાત મોબાઇલની પાંખે ઘેરે ઘેર પહોંચી ગઇ હતી... હા... ઇરફાન યાસીન ચાચાનો એકનો એક દિકરો હતો... એકના એક સંતાનને લાડ-કોડે ઝાઝુ ભણાવ્યો પણ નહીં... ગરીબ માં-બાપની એક ની એક આશ ઇરફાન જ હતો. ઇરફાનના બાજી યાસીન ચાચા પાસે ચાપૂક જેવી ખેતી હતી... એના સહારે એમનું ગુજરાન ચાલતુ. પણ ઇરફાન વીસેક વરસનો યુવાન થયો ત્યારે પાસેના ગામડાનો એક માણસ સસ્તામાં યુવકોને દુબઇ લઇ જતો હતો. માં-બાપ ની ના છતાં ઇરફાન માન્યો નહીં અને યુવાન વયે એ દુબઇ જતો રહેલો... માં-બાપ દિકરાનો વિયોગ સહન ન કરી શકયા અને વારા ફરતી અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલા. અને ઇરફાનનું નસીબ પાધરૂ કે એ દુબઇથી ગમે-એમ સીધો લંડન પહોંચી ગયેલો અને એક ગારમેન્ટ ફેકટરીમાં કામે વળગી ગયેલો. આ તરફ ગામડે માં-બાપ તો હતા નહીં એટલે એને ગામડે આવવવાનો વિચાર પણ નતો આવતો... પણ પોતાનું ગામ, પોતાના મિત્રો, ખેતરો અને ખાસ તો એની બાળપણની સખી સુમી એને વારેવારે યાદ આવ્યા કરતા... ભલે ઇરફાન ભણેલો ન હતો પણ હતો હેન્ડસમ એટલે ફેકટીના માલિકની એકની એક દિકરી ઇરફાન પર મોહી પડી અને એણે એ હસીના નામની યુ.કે. બોર્ન યુવતિ જોડે લગ્ન કરી નાખ્યા. અને દિવસ રાત જોયા વિના સસરા ની ફેકટરીમાં મહેનત કરવા મંડયો... એની મહેનતના પ્રતાપે આજે ઇરફાનની આખા ઇંગ્લેડમાં દશ ગારમેન્ટસ ફેકટરીઓ અને એટલી જ બેકરીઓ નો એ માલીક અને કર્તાધર્તા થઇ ગયો છે. પત્નિ હસીના ભલે વિદેશમાં જન્મીને મોટી થયેલી પણ એના પપ્પા તો મૂળ અહીં ગુજરાતના જ એક ગામડાના એટલે પપ્પાના સંઘર્ષની કથા પણ એને ખબર અને પોતાના પતીની ધગસની પણ એને જાણ એટલે હસીના એક પ્રેમાળ પત્ની સાબિત થયેલી... હસીના ના પપ્પા પણ હવે આ દુનિયામાં ન હતા... બસ ઇરફાન-હસીના અને એક દિકરી ઉઝમા... આમ આટલો જ પરિવાર ઇરફાનનો અને આજે વર્ષો પછી ઇરફાન એની દિકરી ઉઝમા જોડે ઇન્ડિયા પોતાના વતન પધારી રહયો હતો.

આમ તો આ નાનકડા ગામડેથી ઘણા લોકો રોજી-રોટીની તલાસમા વિદેશમાં વિવિધ દેશોમાં સ્થાયી થયા હતા. પણ ઇરફાનની વાત જુદી હતી. એણે પોતાના ગામ માટે ગામના ગરીબ લાચાર બે સહારા લોકો માટે પોતે પગભર થયા પછી અથાગ પ્રયત્નો કરેલા અને આજ દિન સુધી કરી રહયો હતો. ગામના સર્વેસર્વા એવા સરપંચ શ્રી ગનીભાઇ પટેલ ઇરફાન ના બાળપણના મિત્ર એટલે સઘળો ગરીબોનો વ્યવહાર ગનીભાઇ પાસે. ગામના ખેડુત એવા ગરીબ આદિવાસીઓને પણ ઇરફાન ભુલ્યો ન હતો. તો ગામની વિધવા બહેનોની દુઆઓ પણ ઇરફાન સાથે હતી. અને આજે માલેતુજાર એવો ઇરફાન લગભગ ત્રીસ-બત્રીસ વર્ષોના લાંબા સમય પછી આવતી રવિવારે પોતાના ગામ પધારી રહયો હતો.

ભાઇ સમય સમય ની વાત છે ઇરફાન નો બાપ ને માં છાશમાં સુકા રોટલા બોળીને ખાતા ને આજે એમનો જ ઇરફાન્યો માલે તુજાર બની ગયો. તો બીજો વડીલ ટાપસી પુરાવતો... ઇરફાન હતો જ હોનહાર તો જ દુબઇ થી સીધો લંડન પહોચ્યો ને? તો વળી ત્રીજો બોલતો હોનહાર નહીં ભાઇઓ એનું નસીબ પાધરૂ એમ કહો... અને અલ્લાહની મદદ પણ ઇરફાન જોડે બાકી મામુલી મજુર તરીકે દુબઇ ગયેલો ઇરફાન આમ આજે ફેકટરીઓનો માલીક કેમ કેમ બની જાય! આતો ઇરફાન નસીબદાર આમ આગમન પહેલા ઇરફાનની આવી-આવી વાતો થવા માંડી. ઇરફાન આજે તો લગભગ પચાસની ઉપર પહોંચી ચુકયો હશે. ઇરફાનના બાજીની ઉંમરના ઘણા ખરા વુધ્ધો પણ ગામમાં હયાત હતા. એઓ પણ વાટ જોઇ રહયા હતા. આમતો ગામમાં ઇરફાનનું જુનુ ઘર એવુને એવુ જ અકબંધ હતું. અને ખેતર પણ હતુ એ ઘર અને ખેતરની દેખભાળ ગની સરપંચ પોતે જ કરતા... ઇરફાન આમ તો અહીં વતનમાં ફકત પંદર દિવસો પુરતો જ આવી રહયો હતો. એ-બે દિવસ એ ગની સરપંચના ઘેર રહી ભરૂચ હોટલમાં રહેવાનો હતો. અને એ બધી જ વ્યવસ્થા ગનીભાઇએ આગળ થી જ કરી રાખી હતી. અને રવિવાર આવવાને

બે દિવસની વાર હતી કે ગનીભાઇ એ ગામ લોકોને કહયું કે આપણો ઇરફાન આપણા ગામમાં હેલિકોપ્ટર થી આવશે... અમદાવાદ એ પ્લેનમાંથી ઉતરી સીદ્યો હેલીકોપ્ટર મારફતે એ ગામડે આવશે... ને વળી ગામ લોકોમાં ફરી ઉત્સાહમાં અનેરો વધારો થયો... ગનીભાઇ ગામના પાદરે હેલિપેડ તૈયાર કરાવવામાં મશગુલ હતા... ઇરફાનના સ્વાગતમાં કોઇ પણ જાતની કચાશ ન રહી જાય એનું ધ્યાન ગની સરપંચ અને એના માણસો રાખી રહયા હતા. ગામ લોકોમાં આટલુ ઇરફાનનું આકર્ષણ એટલે હતુ કે ઇરફાને ત્યાં લંડનમાં પગભર થયા પછી ગામના ગરીબોને મન મેલીને દાન કર્યું હતુ... આ સરકાર શ્રી તરફથી મેડીકલ સહાયના કાર્ડો તો હમણા આવ્યા... ત્યાર પહેલા ઇરફાન જ પોતાના પૈસે લોકોની હરેક પ્રકારની સહાય આપતો હતો. અહીં ગની સરપંચ જ બધો ઇરફાનનો કારભાર સંભાળતા હતા.

લંડન ના હિથ્રો એરપોર્ટ પરથી વહેલી સવારમાં હળવા આંચકા સાથે કતર એરવેઝની ફ્લાઇટે આકાશ આંબવાની તૈયારી કરી. બિઝનેઝ કલાસની વિન્ડો સીટ પર ઇરફાન બેઠો બાજુમાં એની દિકરી ઉઝમા બેઠી. આ ફલાઇટ કનેકટિંગ હતી એટલે દોહા એરપોર્ટ પર બે કલાકના રોકાણ પછી દોહાથી બીજુ પ્લેને અમદાવાદ ભણી ઉડાન ભરી. પ્લેન જેમ જેમ અમદાવાદ ભણી ઉડી રહયુ હતુ કે એકા એક ઇરફાનના મગજમાં એક નામ ઝળકયુ. હા એ નામ હતુ એની બાળપણાની ભિલ્લુ સુમીની... સુમી એનાથી ત્રણેક વરસ મોટી હતી. એના મામા-મામી ને ત્યાં રહેતી... માં-બાપ હતા નહીં. નપાસ થતા થતા પાંચમાં ધોરણમાં ઇરફાન સાથે થઇ ગયેલી અને ત્યાંથી બંને નજીક આવતા ગયા... સુમી ઇરફાનની મિત્ર બની ગયેલી... બાળપણની વિવિધ રમતોમાં ગામડાના બાળકો જોડે સુમી-ઇરફાન અચુક હોય. સુમી એના મામી જોડે ખેતરે જાય ત્યારે ઇરફાન માટે પોતાની ઓઢણીને છેડે ચણીબોર, આંબળા અચુક લઇ આવતી. સર ડીનર પ્લીઝ ઇરફાનના વિચારોમાં એર હોસ્ટેસે વિક્ષેપ પાડયો... એણે હમણા નહીં બેબી ઉઠે પછી એમ કહી એર હોસ્ટેસ ને રવાના કરી... ફરી ઇરફાન સુમીના વિચારે ચઢયો... અને એક પ્રસંગ એકા-એક એના મનમાં ઝળકયો... સુમીને દુબઇ જવાની આગલી રાત્રે હું મળવા ગયો હતો... એના મામા-મામી અને સુમી ઝીરો બલ્બના પ્રકાશમાં બેઠા હતા... ઇરફાન યાસીન ભાઇએ ઘણી કારમી ગરીબીમાં તને ઉછેર્યો છે ભાઇ જા અને ખુબ પૈસા કમાઇને આવજે દિકરા મામા એ ઇરફાનને કહયુ... અને અળધો એક કલાક બેસી એ ઉઠયો કે સુમી એક પ્લાસ્ટીકની થેલી લઇને એની પાછળ પાછળ ઘર બહાર આવી. રાત્રીના નવેકનો સુમાર હતો. શિયાળાની રાત અને ગામ આખામાં સુનકાર વ્યાપી ગયેલો. ત્યાં પાછળ આવતી સુમી એ બુમ પાડી... ઇરફાન ઉભો રહે... સુમી પાસે આવી પેલી થેલી ઇરફાનને હાથમા આપી અને કહયુ ઇરફાન તુ જાય છે... કદાચ હવે આપણે કયારે મળીશું. આપણા બાળપણાની ખાટી-મીઠી યાદો હંમેશા મારા હૃદયમાં રહેશે... આજ સુધી આપણે સાથે રમ્યા-સાથે ભણ્યા-પઢયા-લડયા ઝઘડયા પણ ઘણીવાર એ બધુ ભુલીને મને માફ કરજે આટલું બોલતા વીસ વરસની સુમી ચોધાર આંસુએ રડી પડી... જા... મારો ખુદા તને કામ્યાબ કરે... ખુબ મોટો માણસ બનજે ... અને હા આ ગરીબ સુમલીને યાદ કરજે ભુલી ન જતો... સુમીને આમ રડતી જોઇને ઇરફાન બોલ્યો... ના રડ સુમી ના રડ...! તને હું કયારેય નહીં ભુલુ... અરે તારી સાથે વિતાવેલો બાળપણાનો સમય અને આજે યુવાની ને ઉંબરે ઉભેલા આપણે... તુ નકામી ચિંત ન કર રડ નહીં.... આટલું કહી સુમીને રડતા અટકાવી. ચાલ સુમી હું જાઉ... કંઇક મારી ભુલ હોય તો માફ કરી દે જે. મેં તને આજ સુધી ઘણી પજવી છે... ચાલ... અને ઇરફાન આગળ વધવા પગ ઉપાડે એ પહેલા સુમી એ હાથમાં પકડેલી થેલી ઇરફાનને આપતા બોલી... ઇરફાન... આલે આમા ચામડાના જોડા છે. તારો નંબર તો મને ખબર છે. એટલે તારા માટે લાવી છું. મેં સાંભળ્યુ છે કે ત્યાં દુબઇમાં ખુબ તાપ પડે છે... લે મારા તરફથી આ જોડા તને ભેટ... અને સડસડાટ ભીની આંખે ઇરફાન સુમીના ઘરથી નીકળી ગયો. પણ સુમીના જોડા યાદ આવતા આજે આટલા વર્ષો પછી પણ સુમી જાણે એની સખી એને યાદ કરી રહી હોય એમ એણે પહેરેલા મોંઘામાં મોંઘા એડીદાસના શુઝ ઉપર હળવેથી હાથ ફેરવી લીધો.

અંતે રવિવાર નો સુરજ ઉગ્યો... ગામ લોકો સવારના જ ગામની બહાર આવેલા મેદાનમાં એકરબેકર હાજર થવા લાગ્યા... અંતે સાડા દશના સુમારે ઇરફાનનું હેલીકોપ્ટર આવ્યું.. અંદરથી ઇરફાન અને એની દિકરી નીચે ઉતર્યા ત્યાંજ ગામ લોકોએ બંનેનું ભવ્ય સ્વાગત કર્યું. ઇરફાન લંગોટીયા મિત્ર ગનીભાઇને ભેટી પડયો.

સહુ સાથે પગપાળા ગની સરપંચના ઘેર પહોચ્યા... તો ગની સરપંચના પત્નિ સાયરાભાભીએ આવનાર સહુને મો મીઠા કરાવ્યા. આ-પેલી વાતમાં અને ગામ લોકો મુલાકાતે આવતા રહયા એમાં સાંજ પડી ગઇ. રાત્રે બંને મિત્રોએ બેઠક જમાવી. ઇરફાને એકા એક સુમીની વાત પૂછી તો ગનીભાઇ બોલ્યા યાર ઇફરાન એતો દુર રાજપીપળાના જંગલમાં કોઇ નાનકડા ગામડે પરણી છે. એનો ધણી તો ઘણા વર્ષો પહેલા ગુજરી ગયેલો. એના એટલા સમાચાર મને જાણવા મળેલા કે એનો પતિ ગુજરી ગયો પછી એ ગાંડી થઇ ગઇ છે... આટલા વરસોમાં મે પણ એને કયારેય જોઇ જ નથી... તો ચાલ દોસ્ત કાલે સવારે જ તુ મને સુમી ને મળવા એના ગામ લઇ જા... ઇરફાન બોલ્યો... અને બીજે જ દિવસે સવારે સુમીની વધુ વિગત જેવી કે એના ગામનું એના પતિનું નામ જાણીને ઇરફાન-ઉઝમા અને ગનીભાઇ ઉપડયા સુમીના ગામ. ઉઝમા મનમાં વિચારી રહી હતી કે મારા પપ્પા કોઇ ખાસ વ્યકિતને મળવા જઇ રહયા છે. ગાડી ગનીભાઇ ચલાવી રહયા હતા... પાસે ઇરફાન બેઠો હતો. પાછળ ની સીટ ઉપર ઉઝમા અને સાયરાભાભી બેઠા હતા. અંતે એડ્રેસ પ્રમાણે ગનીભાઇએ ગાડી કાચા રસ્તે ઉતારી અને પહોંચ્યા સુમીના ગામને પાદરે. જેવી ગનીભાઇએ ગાડી કાચા રસ્તે વાળી કે બે-એક કિલોમીટરે એક નર્મદા કિનારે ગામડું દેખાયુ. હજુ ગનીભાઇ વિચારે ત્યાં તો બે-એક વૃધ્ધ માણસો સામે નદી કિનારેથી ગામ તરફ આવી રહયા હતા... સહજ ભાવે એ વૃધ્ધને સુમીના ઘરનું સરનામું પુછયું તો એક વૃધ્ધે કહયું તમે મોડા પડયા સાયેબ-સુમી ગાંડી એ બે દિવસ પહેલા જ આ નર્મદા નદીમાં ઝંપલાવ્યું હતુ હજુ એની લાશ મળી નથી આજે બે દિવસથી અમે એની લાશ શોધી રહયા છીએ... આમ વળી કોઇ જીવન ટુંકાવી દેતુ હશે? બિચારી હતી જ જનમ જનમ ની દુખી... પણ તમો છો કોણ? પેલા વૃધ્ધે વેધક સવાલ કર્યો. ગનીભાઇએ કહયું અમે એના પિયરીયા છીએ. સુમી અમારા ગામની એને મળવા આવેલા પણ બિચારી આજે આ દુનિયામાંજ નથી....આ સાંભળી પેલા વૃધ્ધ એમને ગામના મુખી ના ઘેર લઇ ગયા... મુખી એ આટલા વરસોની સુમીની વિતક કહેતા કહેતા જણાવ્યું સાયેબ છોરા તો સુમીને હતા નહીં. એ પરણી ત્યારથી એનો પતિ એને મારઝુડ કરતો... એવામાં બે એક વરસમાં જ એનો પતિ ઉકલી ગયો ને એ નોધારી બની... ધીમે ધીમે એ સુનમુન બનવા લાગી...બસ આખો દિવસ સામે વહેતી નદી તરફ મીટ માંડીને બેસી રહેતી... આસ-પાસના બૈરા એને જમાડે તો જમે બાકી બિચારી ભુખી-તરસી પડી રહે... ના કોઇથી કોઇ શીકાયત ના કોઇ સવાલ... ખુદા એને જન્નત નશીન કરે.

મુખીની વાત પુરી થઇ એટલે ઇરફાને પેલા મુખીને દશ લાખ રૂપિયાનું એક બંડલ આપ્યું અને બોલ્યો જુવો મુખી પટેલ... આ લો આ રૂપિયા અને સુમીના સવાબ માટે ગામમાં એક મદ્રેસો બંધાવો... તમારા બાળકોને પઢાવો-ભણાવો હજુ પૈસા જોઇશે તો આ ગનીભાઇ તમને આપશે પણ સુમીના સવાબ માટે આટલું જરૂર કરજો.. મુખીએ પૈસા લઇને કહયું... સાયેબ આ તમે પહેલા વ્યકિત મળ્યા અમારા બાળકોના પઢવાના માટે... ચા-પાણી મુખીના ઘેર પી ને ગનીભાઇએ પોતાની ગાડી હંકારી. દુર દુર નર્મદા ભણી ઇરફાન એક ચિત્તે જોઇ રહયો હતો. એની આંખે શ્રાવણ-ભાદરવો વરસી રહયો હતો. એ જોઇને સહજ ભાવે અચાનક ઉઝમા બોલી પડી... પપ્પા... ના રડો. શા માટે રડો છે... સુમી આંટી ન મળ્યા એ આપણુ બેડલક... છાના રહો પપ્પા... દીકરી ની આવી ટકોરે ઇરફાન હવે જોરથી રડવા માંડયો... તો સાયરાભાભી બોલી ઇરફાનભાઇ નસીબમાં એને મળવાનું હતુ નહીં એટલે તો સુમી બે દિવસ પહેલા નદીમાં કુદી પડીને... છાના રહો... ઉઝમા મનોમન વિચારી રહી હતી... કદાચ આ સુમી મારા પપ્પાના બાળપણની ગર્લફ્રેન્ડ હોવી જોઇએ... ગાડી હવે પાકા રસ્તે ચડી ગઇ હતી... દુર નર્મદા ખળ-ખળ વહી રહી હતી... ■

## ચા પીતા પહેલાં પાણી પી લેજો, ખૂબ ફાયદો થશે

આપણી રોજની જીવનશૈલીમાં ચા મહત્વનું સ્થાન ધરાવે છે. સવારની શરૂઆત જ ચા પીવાથી થાય છે અને સાંજે પણ ગરમાગરમ ચા પીવી દરેકને ગમે છે. ચા પીવાથી કેટલાક લોકોને સમસ્યાઓ પણ થતી હોય છે. જો આ સમસ્યા ન થાય તેવી ઇચ્છા હોય તો ચા પીતા પહેલા પાણી પીવું તેવી આદત પાડી લો. ચા પીધા પછી તુરંત પાણી પીવું હાનિકારક છે પરંતુ ચા પીતા પહેલા પાણી પી લેવું ફાયદાકારક સાબિત થશે. જો તમે ચા પીતા પહેલા પાણી પીવાની આદત પાડી લેશો તો શરીરની ઘણી બધી સમસ્યાઓ દવા વિના જ મટવા લાગશે.

ચા પીતા પહેલા પાણી પી લેવાથી શરીરની પાણીની જરૂરિયાત પૂરી થાય છે અને પાચનતંત્ર સક્રિય થઇ જાય છે. તેના કારણે પાચન ક્રિયા સારી રહે છે. ચામાં કેફીન હોય છે જે શરીરમાં પાણીની ઊણપ સર્જે છે. ચા પીતા પહેલા પાણી લેવાથી શરીરમાં પાણીની ખામી સર્જાતી નથી.

જો તમે ચા પીતા પહેલા પાણી પી રહયા છો તો શરીરને હાઇડ્રેટ રાખવામાં મદદ મળશે અને પાચન ક્રિયા પણ સુધરશે.

પાણી પીવાથી સ્કિનને થતા ફાયદા:

ચા પીતા પહેલા પાણી પીવું સ્કિન માટે પણ ફાયદાકારક છે. તેનાથી સ્કિનને જરૂરી હાઇડ્રેશન મળે છે અને સ્કિનની ઇલાસ્ટીસિટી વધે છે.

આ આદતથી સ્કિન વધારે સુંદર દેખાય છે. જ્યારે તમે પાણી પીવો છો તો શરીરની અંદરથી ટોકિસન બહાર નીકળી જાય છે અને ત્વચા પર ચમક બની રહે છે.

કિડની માટે ફાયદાકારક: પાણી પીવાથી કિડનીની કામ કરવાની કેપેસિટી વધે છે. કિડની શરીરમાંથી વેસ્ટ મટીરિયલને બહાર કાઢવાનું કામ કરે છે. સવારે ખાલી પેટ ચા પી લેવાથી કિડનીની કાર્યશૈલી પ્રભાવિત થાય છે. તેનાથી વિરુદ્ધ ચા પીતા પહેલા પાણી પી લેવાથી કિડની પર પ્રેશર ઓછું આવે છે. ■

## ઉનાળામાં ડુંગળીનું સેવન કરો, ગરમીથી બચી શકાશે

કાળઝાળ ગરમી સ્વસ્થ વ્યકિતને પણ બીમાર કરી શકે છે. તેથી જ કહેવાય છે કે ઉનાળા દરમિયાન ખાવા પીવામાં ખાસ ધ્યાન રાખવું જોઇએ. ખાસ કરીને બપોરના ભોજનમાં એવી વસ્તુઓનો સમાવેશ કરવો જોઇએ જે શરીરને હાઇડ્રેટ રાખે અને લૂથી પણ બચાવે. આવી જ એક સામાન્ય વસ્તુ છે જે દરેક ઘરમાં ઉપલબ્ધ હોય છે, આ વસ્તુ છે ડુંગળી. નિષ્ણાતો અનુસાર ગરમીના દિવસોમાં બપોરના સમયે ડુંગળી ખાવી ફાયદાકારક રહે છે. કાચી ડુંગળી ખાવાથી શરીરને ૫ ફાયદા થાય છે.

**શરીર હાઇડ્રેટ રહેશે** : ડુંગરીમાં પાણી વધારે હોય છે જે શરીરને હાઇડ્રેટ રાખવામાં મદદ કરે છે, સાથે જ ડુંગળી ખાવાથી પરસેવાના કારણે જે મિનરલ્સ શરીરમાંથી નીકળી જાય છે તેની ભરપાઇ કરવામાં પણ મદદ મળે છે.

**શરીરને ઠંડક મળશે** : કાચી ડુંગળી ખાવાથી શરીરને ગરમીમાં ઠંડક મળે છે. ડુંગળી શરીરનું તાપમાન કંટ્રોલ કરવામાં મદદ કરે છે. ડુંગળી ખાવાથી શરીર ઠંડુ રહે છે.

**બ્લડ સુગર રહેશે કંટ્રોલમાં** : કાચી ડુંગળી ખાવાથી બ્લડ સુગર લેવલ કંટ્રોલમાં રાખવામાં મદદ મળે છે. ડુંગળીમાં રહેલું ક્રોમિયમ બ્લડ સુગર લેવલને સ્થિર રાખવામાં મદદ કરે છે.

**લૂથી બચાવ** : કાચી ડુંગળી ખાવાથી લૂના પ્રભાવને ઘટાડી શકાય છે. ડુંગળીમાં પ્રાકૃતિક શીતળતા આપતા ગુણ હોય છે જે શરીરના તાપમાનને ઘટાડે છે અને ઉનાળા દરમિયાન લૂ લાગવાથી બચાવે છે.

**સ્કિન રહેશે ગ્લોઇંગ** : ડુંગળીમાં એન્ટિબેકટેરિયલ અને એન્ટિઓક્સિડન્ટ ગુણ હોય છે જે ત્વચાનું સંક્રમણ અને ખીલ મટાડવામાં મદદ કરે છે. ડુંગળીમાં સલ્ફર હોય છે જે ત્વચા માટે ફાયદાકારક સાબિત થાય છે. ડુંગળીને સમારી તેના પર મીઠું અને લીંબુ છાંટીને ખાઇ શકાય છે. તમે શાકમાં પણ ડુંગળીનો ઉપયોગ કરી શકો છો અને ડુંગળીની ચટણી બનાવીને પણ ખાઇ શકો છો. ■

# દેશ-વિદેશના સમાચાર

## ઉમરવાડા

**હજ મુબારક:-** સીરાજ ઇશાક ગંગાત એમની અહેલીયા સુમૈયાબહેન સાથે હજ પઢી વતન પરત આવ્યા છે.

## રાંદેર

**ઇન્તેકાલે પુરમલાલ:-** હાજરાબીબી-મૌલ્વી ઇસ્માઇલ હાફેઝ સાલેહની છોકરી તે હાસીમ અલી મદારીની ઔરતનો રાંદેર ખાતે, રાબીયાબીબી-ઇસ્માઇલ યુસુફ હાંસ્યાની છોકરી તે યાકુબ સુરતીની ઔરતનો તથા સલમાબીબી-ઇબ્રાહીમ આઝમ ટીલીની છોકરીનો રંગુન-બર્મા ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**અન્ય:-** રાંદેર ઇસ્લામ જીમખાનાની વાર્ષિક સામાન્ય સભામાં ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જ. મો.અબ્બાસ અહમદ હાંસ સા.-પ્રમુખ, જ. અહમદ ફારૂક ઇસ્માઇલ સા.-ઉપ પ્રમુખ, જ.મો.ઝકરીયા અહમદ હાંસ સા.-માનદ્‌મંત્રી,જ. તલહા અહમદ મીચલા સા.-માનદ્ સહમંત્રી,જ. યાહયા બીલાલ કાલુ સા.,જ.મોહંમદ ઐયુબ નાખુદા સા. તથા જ. કાસીમ ઉસ્માન હાંસ્યા સા.-કારોબારી સભ્ય.

## ઇટાળવા

**ઇન્તેકાલે પુરમલાલ:-** હાફેઝ ઇબ્રાહીમ મુસા મીયા નો બાટલી-યુ.કે. ખાતે તથા પનામાવાસી ઇકબાલ ઇબ્રાહીમ કારાનો ગામ ખાતે ઇન્તેકાલ થયો છે (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** અહમદ ઇસ્માઇલ કારા, હફસા ઇકબાલ કારા તથા મોહંમદ ઇકબાલ કારા પનામાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** સલમા યુનુસ પાંડોર તથા ઇસ્માઇલ અબુબકર અલીભાઇ વતનની મુલાકાત લઇ યુ.કે. પરત ગયા છે.

**હજ મુબારક:-** મૌલાના તૈયબ ભાણા એમની અહેલીયા સાથે,મૌલાના ઉનસ ફારૂક એકલેરીયા એમની અહેલીયા સાથે તથા હાફેઝ મોહંમદ અહમદ મીઆં હજ પઢી વતન પરત આવ્યા છે.

## કોસંબા

**શાદી મંગણી:-** સુફીયા શફી બુટવાલાની મંગણી કોસમડી મુકામે ઇસ્માઇલ સઇદ કોથા સાથે થઇ છે.

**પરદેશથી આગમન:-** ફાતમા ફૈઝલ પટેલ, ઝુલેખા સમદ મોતાલા સા.આફ્રિકાથી, ફૈયાઝ ફૈઝલ પટેલ ફેમિલી સાથે કેનેડાથી,ઇલ્યાસ ઇસ્માઇલ દરસોત તથા

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**શાદી મંગણી:-** સબીહા મોહંમદ અમીન પટેલ માણેકપોરવાળાની શાદી ફરહાન શોકતઅલી લંબાત સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ફાતમા ઇબ્રાહીમ લુણત (જનતા) આલીપોરવાળાનો તથા મોલ્વી ઇબ્રાહીમ મીંયા ઇટાળવાવાળા નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**આગમન:-** જેબુન્નીશા અહમદ દાઢીવાલા લાજપોરવાળા વતનની મુલાકાત માટે ઇન્ડિયા જઇને આવ્યા છે.

**મુબારકબાદ:-** ઇબ્રાહીમ ઇમરાન માયાત આલીપોરવાળા હાફીઝ થયા છે.

**અન્ય:-** યુનુસ ઇસ્માઇલ દાજી આલીપોરવાળાએ એમના મા-બાપ ના સવાબ અર્થે ફરીદાબાદમાં આલીશાન મસ્જીદ બનાવી છે.

ફૈઝલ મોહંમદ બાવા ફેમિલી સાથે યુ.કે.ની શુભેચ્છા મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**ઉમરાહ મુબારક:-** યુસુફ ઇશાકજી પટેલ એમની અહેલીયા સાથે ઉમરાહ કરવા ગયા છે.

**પરદેશ ગમન:-** ડૉ.ઇબ્રાહીમ સાલેજી અમેરીકા પરત, ઉમર સોયબ મુલ્લા તથા અબ્દુલ રશીદ ખાલીક કાજી ફેમિલી સાથે કેનેડા પરત, ઇબ્રાહીમ યુનુસ દાવજી (ભાઇગોરા), જુમ્મી,આયશા અને મુન્ની (ખાનજી ફેમિલી) તથા મર્હુમ બીલાલ ઐયુબ ફેન્સીની ફેમિલી કેનેડા ગયા છે.

